# Pakistan CdA summoned and demarched on the abduction and torture of Indian High Commission Officials

June 16, 2020

# પાકિસ્તાનનાં CdA ને સમન્સ પાઠવવામાં આવ્યા હતા અને ભારતીય હાઈ કમિશનનાં અધિકારીઓનાં અપહરણ કરી અને યાતનાં આપવા પર આપત્તિપત્ર પાઠવ્યો હતો

જૂન 16, 2020

આજે પાકિસ્તાનનાં હાઈ કમિશનનાં ચાર્જ ડી' અફેર્સ શ્રી હૈદર શાહને સમન્સ પાઠવવામાં આવ્યા હતા અને પાકિસ્તાનની સુરક્ષા એજન્સીઓ દ્વારા ઈસ્લામાબાદમાં આવેલા ભારતીય હાઈ કમિશનનાં બે અધિકારીઓનું અપહરણ કરી અને યાતનાઓ આપવાનાં મુદ્દા પર સખત વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

પાકિસ્તાની એજન્સીઓ દ્વારા 15 જૂન 2020 નાં રોજ ભારતીય હાઈ કમિશનનાં બે અધિકારીઓનું બળજબરીપૂર્વક અપહરણ કરવામાં આવ્યું હતું અને 10 થી વધારે કલાક સુધી ગેરકાયદેસરનાં કબ્જામાં રાખવામાં આવ્યા હતા. ઈસ્લામાબાદમાં આવેલા ભારતીય હાઈ કમિશન અને દિલ્હી સ્થિત વિદેશ મંત્રાલય દ્વારા પ્રબળ દરમિયાનગીરી કરવામાં આવ્યા બાદ જ મૂક્ત કરવામાં આવ્યા હતા. બન્ને ભારતીય અધિકારીઓ પૂછપરછ, યાતના અને શારિરીક હુમલાનો ભોગ બન્યા હતા જેનાંથી તેઓને ગંભિર ઈજાઓ પહોંચી છે. તેઓનો વિડીયો ઉતારવામાં આવ્યો હતો અને કાલ્પનિક આરોપો અને મનઘડત ગુનાઓની માંગણીઓ સ્વિકારવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. જેમાં તેઓ યાત્રા કરી રહ્યા હતા તે હાઈ કમિશનનાં વાહનને ભારે નુકશાન પહોંચાડવામાં આવ્યું હતું.

આ સંદર્ભમાં ભારત સરકાર પાકિસ્તાની સત્તાધિકારીતાઓનાં કૃત્યની સખત નિંદા કરે છે અને ઉંડો શોક વ્યક્ત કરે છે. પાકિસ્તાની સત્તાધિકારીતાઓ દ્વારા કરવામાં આવેલા આ પૂર્વનિર્ધારિત, ગંભિર અને ઉશ્કેરણીજનક કૃત્ય અને બાદમાં પાછલા કેટલાક દિવસોમાં હાઈ કમિશનનાં કર્મચારીઓને સઘન સર્વેલન્સ, યાતના અને ધમકીઓ આપવાનું કૃત્ય ઈસ્લામાબાદમાં ભારતીય હાઈ કમિશનનાં સામાન્ય કાર્યમાં વિઘ્ન નાંખવા અને ખોરવી નાંખવા રચવામાં આવ્યું હતું. પાકિસ્તાની સત્તાધિકારીતાઓ દ્વારા હાઈ કમિશનનાં અધિકારીઓ પર ખોટા આક્ષેપો અને મનઘડત ગુનાઓ આરોપિત કરવાની બાબતનો સંપૂર્ણ રીતે અસ્વિકાર કરવામાં આવે છે.

પાકિસ્તાનનાં આ કૃત્યો 1961 નાં રાજદૂવારી સંબંધોનાં વિયેના કન્વેન્શન તથા 1992 માં હસ્તાક્ષર કરેલા અને 2018 માં બન્ને પક્ષો દ્વારા પુનઃપુષ્ટિ થયેલ ભારત અને પાકિસ્તાનમાં રાજદૂવારી / કોન્સ્યુલર કર્મચારીઓ સાથેનાં વ્યવહાર માટેની આચાર સંહિતાનું પ્રચંડ ઉલ્લંઘન છે એટલું જ નહીં, પરંતુ રાજદૂવારી વર્તણૂકની તમામ સ્થાપિત શરતો અને પ્રથાઓનાં વિરાધમાં પણ છે.

પાકિસ્તાની એજન્સીઓએ ભારતીય મિશનનાં વધારે અદિકારીઓને શારીરિક રીતે હાનિ પહોંચાડવાની ધમકીઓ આપવાનાં તથ્ય પર અમારી ગંભિર ચિંતાઓ જણાવવામાં આવી છે. તે બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે

કે ભારતીય હાઈ કમિશન, તેનાં અધિકારીઓ, સ્ટાફનાં સભ્યો, તેઓનાં પરિવારો અને સંપત્તિઓની સલામતિ અને સુરક્ષા માટે પાકિસ્તાન જવાબદાર છે.

પાકિસ્તાન દ્વારા તણાવો વધારવાનાં ધ્યેય સાથેનાં આવા સતત એકપક્ષીય કૃત્યો ભારત વિરુદ્ધ પાકિસ્તાનની સતત શત્રુતાપૂર્ણ પ્રવૃત્તિઓ અને સીમા-પારનાં આતંકવાદને પ્રાયોજીત કરવાનાં મુખ્ય મુદ્દાથી ધ્યાન દૂર કરવામાં સફળ નહીં થાય.

**નવી દિલ્હી**
**જૂન 16, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.